# સારી કામગીરી રાજકોટ ગ્રામ્ય રાજકોટ

**તા.-૧૦/૧૨/૨૦૧૮ થી ૧૬/૧૨/૨૦૧૮**

1. **ભાયાવદર વિસ્તાર માંથી ફીલ્મીવ ઢબે પીછો કરી ઈંગ્લીશ દારૂ ની બોટલ નંગ ૫૬૭ પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.**

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા સાહેબ ની સુચના થી ઇન્ચાર્જ પોલીસ ઇન્સ. શ્રી જે.એમ.ચાવડા સાહેબ તથા ASI મહમદભાઇ ચોહાણ તથા HC રમેશભાઈ બોદર, ભીમભાઈ ગંભીર , PC ભાવેશભાઇ મકવાણા તથા અમુભાઇ વીરડા એમ બધા ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ રાઉંડ મા હતા તે દરમ્યાન ચોક્કસ બાતમી મળેલ કે ભાયાવદર તાબે ના વડેખણ ગામે કાર નં.GJ ૧૧ એસ ૫૯૩૪ વાળી માં ઈંગ્લીશ દારૂ નો જથ્થો લઈ ને આવનાર હોય જે અનવયે વોચ માં રહેતા ઉપરોક્ત કાર આવતા તેનો ફિલ્મઢબે પીછો કરતા સદરહુ કાર *ચાલક ને રોકવાનો ઇસારો કરતા રોકાયેલ નહી જેથી તેનો પીછો કરી પરવડા ગામ ના પાટીયા પાસે ગાડી ને રોકી ચેક કરતા કાર ચાલક માલદે કાનાભાઇ વાળા રહે પરવડા તા.જામજોધપુર વાલો હોય ગાડી ની ઝડતી કરતા જુદી જુદી બ્રાન્ડની ઇંગ્લીશ દારૂની બોટલ નંગ ૫૬૭ કિ.રુ૧.૮૭.૫૦૦/ ત થા મારુતિ કાર ન.gj 11 s 5934 તથા મોબાઇલ એક મળી કુલ રુ ૪.૮૯.૫૦૦ ના મુદામાલ સાથે મળી આવતા તેમજ સદરહુ દારુ પોતાને પુંજા મેરામણ સામળા રહે.જુનાગઢ વાળો આપી ગયેલ નુ જણાવતા આ કામે બંને વિરુધ ભાયાવદર પોસ્ટમાં ગુનો રજી કરાવેલ છે.

2. **લોધીકા પોલીસ સ્ટેશનના ગુન્હામાં 2 વર્ષથી નાસતા ફરતા આરોપીને શોધી કાઢતી રાજકોટ ગ્રામ્ય પોલીસ**

મે. ડી.જી.પી. સાહેબ શ્રી તરફથી નાસ્તા ફરતા આરોપી પકડી પાડવા અંગે ડ્રાઇવ રાખવામા આવેલ હોય જે અનુસંધાને રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ ની સુચના તથા માર્ગદર્શન હેઠળ બહારના રાજ્યો અને ગુજરાતના જુદા જુદા જિલ્લામાં રહેતા નાસતા ફરતા આરોપીઓ અંગે અલગ અલગ ટીમ બનાવેલ હોય જે અંતર્ગત ઉત્તર પ્રદેશ રાજ્યમાં રહેતા નાસતા - ફરતા આરોપી ઓને પકડી પાડવા માટે ટીમ બનાવેલ હોય જેમાં પો.સબ.ઇન્સ શ્રી જે.બી.મીઠાપરા ની આગેવાનીમાં ગોંડલ સીટી પો.સ્ટેના પો.કો નરેન્દ્રસિંહ જાડેજા.તથા પો.કો.ભગીરથ સિંહ જાડેજા તથા ધોરાજી પો.સ્ટે ના પો.કો.રમનિક ભાઈ મણવર લોધીકા તાલુકા પો.સ્ટે ના ફ.ગુ.ર.નં.61/2016 આઈ.પી.સી.કલમ 363.366.376 વી. મુજબના ગુન્હાના કામે 2 વર્ષથી નાસ્તા ફરતા આરોપી રવિ શોહનલાલ પાસવાન ઉ.વ 21 રહે.કુકુવાર સુઇથોક થાના મહારાજપૂર તા.નરવાલ જી.કાનપુર (યુ.પી) વાળો મળી આવતા કાયદેસર કાર્યવાહી કરવા તજવીજ કરેલ છે.આ કામગીરીમાં પો.સબ.ઇન્સ શ્રી જે.બી.મીઠાપરા ગોંડલ સીટી પો.સ્ટેના પો.કોનરેન્દ્રસિંહજાડેજા.તથા પો.કો.ભગીરથસિંહ જાડેજા તથા ધોરાજી પો.સ્ટેના પો.કો.રમનિકભાઈ મણવર જોડાયા હતા.

**3. ઉપલેટા પો.સ્ટે.સેકન્ડ ગુ.ર.નં.૩૨૫૧/૨૦૧૮ ના કામે છેલ્લા ઘણા સમય થી નાસતો-ફરતો આરોપી પકડી પાડતી ઉપલેટા પોલીસ**

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી જે.એમ.ભરવાડ સાહબે જેતપરુ વિભાગ જેતપરુ નાઓએ તથા એચ.જી.પલ્લાચર્યા પોલીસ ઇન્સપેકટર ઉપલેટા પોલીસ સ્ટેશન નાઓ ના માગાદર્શનથી નાસતા-ફરતા આરોપીઓ પકડી પાડવા સચુના આપેલ હોય જે સચુના આધારે અમો એમ.જે.પરમાર પોલીસ સબ ઇન્સપેકટર ઉપલેટા પોલીસ સ્ટેશન નાઓ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે ઉપલેટા ટાઉનમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઉપલેટા ધોરાજી દરવાજા પાસે આવતા અમોને ચોકકસ હકીકત મળેલ કે ઉપલેટા પો.સ્ટે સેકન્ડ ગુ.ર.નં.૩૨૫૧/૨૦૧૮ જુ.ધા.કલમ-૧૨ મજુબના કામેનો નાસતો ફરતો આરોપી રફીક ઇબ્રાહીમભાઇ શેખ જાતે ફકીર ઉ.વ.૪૦ રહે.ઉપલેટા સ્મશાન રોડ વાળો ઉપલેટા ધોરાજી દરવાજા પાસેથી હાજર મળી આવતા ઉપરોકત ગનુહા ના કામે આજ રોજ તા-૧૨/૧૨/૨૦૧૮ ના કલાક.૧૪/૧૫ વાગ્યે ધોરણસર અટક કરવામાં આવેલ છે

આરોપીઓની વિગતઃ-

રફીક ઇબ્રાહીમભાઇ શેખ જાતે ફકીર ઉ.વ.૪૦ રહે.ઉપલેટા સ્મશાન રોડ આ કામગીરીમા ઉપલેટા પો.સ્ટે.ના પો.ઇન્સ. શ્રી એચ.જી.પલ્લાચર્યા ની સચુના થી પો.સબ.ઇન્સ એમ.જે.પરમાર તથા એ.એસ.આઇ હમીરભાઇ લુણસીયા તથા પો.કોન્સ ગગુભાઇ ચારણ તથા જીતેન્દ્રભાઇ સારીખડા વિગેરે િવગેરે રોકાયેલ હતા

**4. ગોંડલ સીટી પો . સ્ટે . વિસ્તારમાં બનેલ લુંટ ના ગુનાનો ભેદ ઉકેલી ત્રણ ઇસમોને પકડી પાડતી એલ . સી . બી . રાજકોટ ગ્રામ્ય.**

ગઇ તા . ૦૪ / ૦૯ / ૨૦૧૮ ના રોજ ગોંડલ ગુંદાળા ફાટક પાસે આવેલા જલારામ બેકરીમાં તથા ગોંડલ કોર્ટ પાસેથી બે અજાણ્યા ઇસમોએ મો . સા . આવી ફરીયાદી તથા સાહેદ ને છરી બતાવી રોકડ રકમ તથા મોબાઇલ ફોનની લુંટ કરી નાશી ગયેલ નો બનાવ બનેલ હતો .જે અન્વયે રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ દ્વારા આ વણશોધાયેલ લુંટનો ગુનો શોધી કાઢવા સુચના કરેલ જે અન્વયે એલ . સી . બી . ના ઇન્ચાર્જ પો . ઇન્સ . જે . એમ . ચાવડા તથા પો . સબ ઇન્સ . એચ એ . જાડેજા સાહેબ તથા પો . હેડ કોન્સ . મહિપાલસિંહ પી . જાડેજા , રવિદેવભાઇ બારડ , અનીલભાઇ ગુજરાતી તથા પો . કોન્સ . જયેન્દ્રસિંહ વાઘેલા , મનોજભાઇ બાયલ , રૂપકભાઇ બોહરા , દિવ્યેશભાઇ સુવા નાઓને હકિકત મળેલ કે ગોંડલ માં બનેલ લુંટમાં જે મોબાઇલ ગયેલ તે મોબાઇલ ફોન ગોડલ ઉમવાડા રોડ ઉપર રહેતા નીતેશ દિલીપભાઇ ગોહેલ ના ઘરે હોય જે આધારે તપાસ કરતા લુંટમાં ગયેલ મોબાઇલ ફોન મળી આવેલ જે આધારે ( ૧ ) નીતેશભાઇ દિલીપભાઇ ગોહેલ રહે . ગોંડલ , ઉમવાડા રોડ , ચોકસીનગર , દેવ દરબાર મંદિર સામે જી . રાજકોટ તથા ( ૨ ) રોહિત ઉર્ફે ટકેશ જીવણભાઇ પરમાર રહે . રાજકોટ , રૈયાધાર , મફતીયા પરા સ્લમ કવાર્ટર સામે વાળાઓના ટ્રાન્સફર વોરંટ દ્વારા કબજો મેળવી તેમજ ( ૩ ) શૈલેષ ઉર્ફે વરજો હિરાભાઇ વરૂ રહે . રાજકોટ , રામદેવપીર ચોક , શીતલપાર્ક ની બાજુમાં , મફતીયા પરા જી . રાજકોટ વાળાને પકડી પાડી પુછપરછ કરતા લુંટ કરેલની કબુલાત આપતા તેઓ ત્રણેય આરોપીઓને અટક કરી લુંટનો ભેદ ઉકેલેલ છે

5. <u>હોન્ડા સીટી કારમાંથી દેશીદારૂ નો જથ્થો તથા હોન્ડા સીટી કાર મળી કુલ.૧,૩૧૦૦૦/- નો મુદામાલ ઝડપી પાડતી જેતપુર તાલુકા પોલીસ</u>

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધીક્ષકશ્રી બલરામ મીણા સાહેબ ના ઓની સુચના તથા ઇ/ચા.ના.પો.અધી.જાડેજા સા.માર્ગદશન હેઠળ દેશીદારૂની બદીને સંપુર્ણ રીતે નિસ્તેનાબુદ કરવા સુચના આપલે. જેથી જેતપુર તાલુકા પો.ટે.ના પો.સબ.ઇ.પી.જે.બાટવા સાહેબ તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન જેતલસર બાયપાસ ચોકડી હાઇવેરોડ પાસે આવતા પો.સબ.ઇ.પી.જે. .બાંટવા સા.ને બાતમી રાહે હક્કત મળેલ કે જુનાગઢ તરફથી એક હોન્ડા સીટી કાર રજી..નં-જી..જે.03 બી.એ.૬૪૪૪ વાળીમા દેશીદારૂ ભરી જેતપુર તરફ આવે છે. જેથી મળેલ હક્કિત આધારે વોચમા હતા તે દરમ્યાન હક્કિત વાળી હોન્ડા સીટી કાર નીકળતા રોકવાનો પ્રયત્ન કરતા રોકાયેલ નહી. જેથી પીછો કરતા બોરડી સમઢીયા ગામ કેનાલ પાસે ડ્રાઇવર વાહન મુકીને નાશી ગયેલ જેમા દેશીભરેલ પ્લાસ્ટીક્ના બાચકામાં લીટર ૩૦૦ કિ.રૂ.-૬૦૦૦/- તથા હોન્ડાસીટી કાર ર.જી.નં.જી.જે.03 બી.એ.૬૪૪૪ કાર કિ.રૂ.૧,૨૫૦૦૦ ગણી કુલ કિ.રૂ.-.૧,૩૧૦૦૦/- નો મુદામાલ મળી આવતા નાશી ગયેલ ડ્રાઇવર વિરૂધ્ધ પ્રોહી એક્ટ મુજબ ધોરણોસર કાર્યવાહી કરવામાં આવેલ છે.. આ સમગ્ર કાર્યવાહીમાં પો.સબ.ઇ. પી.જે.બાંટવા તથા પો.કો..રાજુભાઇ શામળા તથા પો.કો. રાજુભાઇ મકવાણા તથા પો.કો.વિપુલભાઇ મેટાળીયા વગેરે સ્ટાફના માણસો જોડાયા હતા.

6. <u>જુદા જુદા શહેરમાં છેતરપીંડી કરી સોનાના દાગીનાઓ પડાવી પાડતી ગેંગને પકડી પાડી અનડીટેકટ ગુન્હાઓ શોધી કાઢતી ઉપલેટા પોલીસ</u>

રાજકોટ ગ્રામ્ય જીલ્લા ના પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી જે.એમ.ભરવાડ સાહેબ જેતપુર વિભાગ જેતપુર નાઓએ મિલકત વિરૂધ્ધના ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે અમો એચ.જી.પલ્લાચર્યા પોલીસ ઇન્સપેકટર ઉપલેટા પોલીસ સ્ટેશન નાઓ તથા પોલીસ સ્ટાફના માણસો ઉપલેટાટાઉનમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ઉપલેટા અશ્વીન ચોક ભાદર રોડ ઉપર આવતા અમોને ખાનગી રાહે હકીકત મળેલ કે ત્રણ ઇસમો અગાઉ અવાર નવાર અલગ અલગ શહેરોમાં મોટી ઉમંરની સ્ત્રીઓને પોતે મોટા સંત હોવાનુ જણાવી તેઓને વિશ્વાસમાં લઇ સ્ત્રીઓએ પહેરેલ સોનાના દાગીનાઓ ડબલ કરવાની વીધી જાણતા હોવાનુ જણાવી વીધી કરવાના બહાને સોનાના દાગીનાઓ ઉતરાવી નજર ચુકવી સોનાના દાગીનાઓ લઇ અન્ય ખોટા દાગીનાઓ આપી છેતરપીંડી કરી સોનાના દાગીનાઓ લઇ નાશી જતા હોય જે ઇસમો હાલે ઉપલેટા વિક્રમ ચોક નજીક આંટા ફેરા કરી રેકી કરતા હોય તેવી ચોકકસ હકીકત મળતા પોલીસ સ્ટાફ સાથે ઉપલેટા વિક્રમ ચોક પાસે જઇ જે ત્રણેય આરોપીઓને અટક કરી નિચે મુજબનો મુદામાલ રીકવર કરવામાં આવેલ છે તેમજ મજકૂર આરોપીઓએ અગાઉ ઉપલેટા તેમજ જેતપુર શહેર તથા ભાયાવદર તથા જુનાગઢ શહેર માંથી તથા ધોરાજી તથા ગોંડલ તથા કુતીયાણા તથા ભાણવડ એમ જુદા જુદા શહેરો માંથી ઉપરોકત એમ.ઓ થી ગુન્હાઓ આચરેલ હોવાની કબુલાત આપેલ છે.

મુદામાલની વિગત ઃ-

(૧) સોનાની બંગડીઓ નંગ ૪ કી.રૂ. ૯૦,૦૦૦/-

(૨) એક સોનાનો ચેઇન પેન્ડલ સાથે આશરે ૨ તોલાનો કી.રૂ.૬૦,૦૦૦/-

(૩) સોનાના કાનમાં પહેરવાની બુંટી નંગ -૪ કી.રૂ.૩૦,૦૦૦/-

(૪) એક પારદર્શક કવરમાં પેક કરેલ સોનાનુ ૫ ગ્રામનુ બીસ્કીટ કી.રૂ.૧૫,૦૦૦/-

(૫) સોનુ ઓગાળી બનાવેલ નાના મોટા સોનાના ટુકડાઓ નંગ ૩ આશરે ૩ તોલા કી.રૂ.૯૦,૦૦૦/-

(૬) ખોટા પીળી ધાતુની બંગડીઓ નંગ ૪ કી.રૂ.૦૦/૦૦

એમ કુલ સોનાના દાગીનાઓ ૯.૫ તોલાના કુલ મુદામાલ કી.રૂ.૨,૮૫,૦૦૦/-

આરોપીઓની વિગત ઃ

(૧) અબુબકરભાઇ સુલેમાનભાઇ પડાયા જાતે.ધાંચી ઉ.વ.૪૫ ધંધો વેપાર રહે.કેશોદ લીમડા ચોક મોચી બજાર મહેમુબ પાન વાળાની દુકાનની સામે

(૨) યુનુસભાઇ દાદભાઇ ગોરી જાતે.સીપાઇ ઉ.વ.૪૪ ધંધો ભંગાર વેચવાનો રહે.જુનાગઢ, ધારાગઢ દરવાજા માત્રી માંના મંદીરની સામે

(૩) સલીમભાઇ મજીદભાઇ મકવાણા જાતે.સીપાઇ ઉ.વ.૫૫ ધંધો મજૂરી રહે.જુનાગઢ હર્ષદનગર ખામધ્રોલ રોડ ડો.સુભાષ સ્કુલની સામે સુમારબાપુ ફકીરના મકાનમાં ભાડેથી મૂળ ગામ મોટા લીલીયા મફતપરા જી.અમરેલી

આ કામગીરી મા ઉપલેટા પો.સ્ટે. ના પો.ઇન્સ. શ્રી એચ.જી.પલ્લાચર્યા  પો હેડ કોન્સ નિલેશભાઇ ચાવડા તથા પો હેડ કોન્સ ભાવેશભાઇ બોરીચા તથા પો હેડ કોન્સ હરદેવસિંહ ચુડાસમા પો કોન્સ મહેન્દ્રભાઇ ધાધલ તથા પો કોન્સ ગગુભાઇ ચારણ તથા પો કોન્સ વિશાલભાઇ હુણ તથા પો કોન્સ જયેશભાઇ દાફડા તથા પો કોન્સ ગીરીરાજસિંહ ચુડાસમા વિગેરે રોકાયેલ હતા

7.